# રાજકોટ મહાનગર સેવાસદન
## પ્રાણી રંજાડ અંકુશ વિભાગ (એ.એન.સી.ડી.)

**રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની જગ્યામાં જન ભાગીદારીથી**
**ગૌશાળા તરીકે સંચાલન કરવા માટેનું અરજી ફોર્મ**

ગૌશાળા/ટ્રસ્ટ/સંસ્થા દ્વારા રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની જગ્યામાં જનભાગીદારીથી ગૌશાળા તરીકે સંચાલન કરવા માટેની સંસ્થાની વિગતઃ

૧. ગૌશાળા/ટ્રસ્ટ/સંસ્થાનું નામઃ ..........................................................................................................

૨. સંસ્થાનું સરનામું : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

૩. સંસ્થાનાં પ્રમુખશ્રીનું નામ : ..........................................................................................................

સંપર્ક નંબર : ..........................................................................................................

૪. સંસ્થાનાં સંચાલકશ્રીનું નામઃ ..........................................................................................................

સંપર્ક નંબર : ..........................................................................................................

૫. સંસ્થાનાં રજીસ્ટ્રેશન નંબર તથા તારીખઃ ..........................................................................................

૬. સંસ્થાનાં અનુભવની વિગતઃ

| ક્રમ | સંસ્થાનો ગૌશાળા/જીવદયા કાર્ય/જન ભાગીદારીને સંલગ્ન અનુભવની વિગત |
|---|---|
| | |
| | |
| | |
| | |

**ગૌશાળા તરીકે સંભાળવા માંગતાં જગ્યાનું નામઃ**.........................................................................................

સંસ્થાનાં પ્રમુખ/સંચાલકશ્રીની સહી/સીક્કોઃ ......................................................

**<u>રાજકોટ મહાનગરપાલિકાની જગ્યામાં ગૌશાળા/ટ્રસ્ટ/સંસ્થાને જન-ભાગીદારીથી ગૌશાળા તરીકે સંચાલન કરવા માટે</u>**

**<u>સંચાલન સંભાળનાર સંસ્થાએ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.</u>**

1. રાજકોટ મહાનગરપાલિકાની જગ્યા ફક્ત સંચાલન માટે આપવામાં આવશે. જગ્યાની માલિકી તેમજ અન્ય તમામ અધિકારો કાયમી ધોરણે રાજકોટ મહાનગરપાલિકાના રહેશે.
2. આ જગ્યામાં પાણીની વ્યવસ્થા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.
3. આ જગ્યામાં જરૂરી લાઇટની વ્યવસ્થા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે તથા વિજળી બીલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભારપાઇ કરવામાં આવશે.
4. આ જગ્યા પર સિક્યોરીટીની વ્યવસ્થા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.
5. આ જગ્યામાં જરૂરીયાત મુજબ શેડ, ગમાણ, પાણીનાં અવેડા વિગેરેની સુવિધા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.
6. જરૂરીયાત મુજબ ફેન્સીંગ, દિવાલ તેમજ તેની મરામત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.
7. આ જગ્યામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતા ઢોર જ રાખવાનાં રહેશે તે સિવાય અન્ય કોઇ ઢોર રાખી શકાશે નહી તેમજ આ જગ્યામાં રહેલા ઢોર (બિમાર સિવાય) કોઇને તબદિલ કરી શકાશે નહી.
8. સંચાલન સંભાળનાર સંસ્થાને સુપ્રત કરવામાં આવેલ ઢોરની યોગ્ય સાર સંભાળ , નિભાવણી, જરૂરી ઘાસચારો/ખોરાકી તથા બિમારી સમયે સારવારની તમામ વ્યવસ્થા તથા જગ્યાની સાફ-સફાઇની વ્યવસ્થા સંચાલન સંભાળનાર સંસ્થાએ કરવાની રહેશે.
9. આ જગ્યામાં રહેલ ઢોરનું મૃત્યુ થાય તો તેની જાણ રાજકોટ મહાનગરપાલિકાને કરવાની રહેશે અને મૃત ઢોરનો નિકાલ કન્ઝરવન્સી વિભાગ મારફત કરવાનો રહેશે.
10. સંસ્થાએ ઢોરની આવક-જાવકના રજીસ્ટરની નિભાવણી કરવાની રહેશે તથા દર માસે ઢોરનાં આવક-જાવકનો તારીખવારનો રીપોર્ટ રાજકોટ મહાનગરપાલિકાનાં એ.એન.સી.ડી.ને રજુ કરવાનો રહેશે.
11. આ જગ્યામાં રહેલ પશુઓ દ્વારા જે પણ ઉત્પાદન (દુધ, છાણ, ખાતર, ગૌ-મુત્ર વિગેરે) થશે તે જે તે સંસ્થા સ્વૈચ્છિક રીતે ઉપયોગ કરી શકશે – વેચી શકશે.
12. સંચાલન સંભાળનાર સંસ્થા દ્વારા જો યોગ્ય રીતે સંચાલન સંભાળવામાં આવતું નથી તેવું જણાયે કે, સંચાલનની જરૂરીયાત ન રહે ત્યારે કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા કોઇપણ નોટીસ આપ્યા વગર ગમે ત્યારે સંચાલન પરત લઇ શકશે.
13. સંચાલન બાબતે અન્ય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે માટે કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
14. મોટા પશુઓમાં ગાય/ખુંટ/બળદ/ભેંસ/મોટા પાડા/ઊંટ/હાથી/ઘોડા, વિગેરેનો સમાવેશ થશે.
15. નાના પશુઓમાં વાછરડી(હોડકી)/વાછરડા/ડુક્કર/ગધેડા/નાના પાડા /પાડી/ખચ્ચર/વછેરૂ/બોતડું, વિગેરેનો સમાવેશ થશે

સંસ્થાનાં પ્રમુખ/સંચાલકશ્રીની સહી/સીક્કો: ......................................................

16. સંચાલન માટે સંસ્થા રાજકોટ મહાનગરપાલિકા પાસેથી જે ગ્રાન્ટથી સંચાલન કરવા માંગતા હશે તે ગ્રાન્ટની વિગત (પ્રતિ પશુ પ્રતિ દિવસ) ગ્રાન્ટની માંગણીના પત્રકમાં ભરી રજુ કરવાનું રહેશે. જે સંસ્થા દ્વારા ઓછી ગ્રાન્ટની માગણી કરેલ હશે તેને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. સંચાલન માટે એક સરખી ગ્રાન્ટની માંગણી એક કરતાં વધુ સંસ્થા દ્વારા કરવામાં આવ્યાનાં કિસ્સામાં કઈ સંસ્થાને સંચાલન સોંપવું તે સંસ્થાનાં અનુભવનાં આધારે કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો હક્ક અબાધિત રહેશે. જે સંસ્થાએ માન્ય રાખવાનું રહેશે.
17. સંચાલન માટે ગ્રાન્ટની કરવામાં આવેલ માંગણી મુજબ સંચાલન સંસ્થાને સોંપવું કે ન સોંપવું તે હક્ક કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે. મંજુર થયેલ ચુકવવાપાત્ર ગ્રાન્ટની પશુઓની વિગત સહ દર માસે માંગણી કરવાની રહેશે. જે ચુકવવાપાત્ર ગ્રાન્ટ સંસ્થાને ચુકવવામાં આવશે. આ માટે સંસ્થાને વેન્ડર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
18. ગ્રાન્ટ જે તે દિવસનાં પશુઓની બંધ સિલક મુજબ ચુકવવામાં આપશે.
19. સંચાલન ૫ (પાંચ) વર્ષ માટે સોંપવામાં આવશે. સંસ્થાએ ૩(ત્રણ) માસ અગાઉ સંચાલન રીન્યુ કરી આપવા અરજી કરવાની રહેશે. જેના આધારે પુનઃ મંજુરી મેળવી તે મુજબ સંચાલન સોંપવામાં આવશે.
20. **<u>કન્ઝરવન્સી ઢોર ડબ્બામાં સંચાલન માટેની ખાસ શરતો:-</u>**
    - સફાઈ કામગીરી માટે સવારની શિફટ (૦૬:૦૦ થી ૧૪:૦૦) અને બપોરની શિફટ (૧૪:૦૦ થી ૨૨:૦૦) માટે લોડર તથા ડ્રાઈવરની વ્યવસ્થા રાજકોટ મહાનગરપાલીકા દ્વારા કરી આપવામાં આવશે
    - બાયોગેસ પ્લાન્ટ માટે જરૂરીયાત મુજબ છાણ સંસ્થાએ આપવાનું રહેશે.
    - પશુઓની આવક જાવકની વ્યવસ્થા તેમજ તેના રેકર્ડની નિભાવણી રાજકોટ મહાનગરપાલીકા દ્વારા કરવામાં આવશે.

સંસ્થાનાં પ્રમુખ/સંચાલકશ્રીની સહી/સીક્કો: ..............................................

**નાયબ કમિશ્નર**
**રાજકોટ મહાનગરપાલિકા**

- **<u>અરજી સાથે રજુ કરવાનાં દસ્તાવેજોની વિગત:</u>**

1. સંપૂર્ણ ભરેલ ફોર્મ (તમામ પાનામાં સંસ્થાનાં સહી-સીક્કા સાથે)
2. સંસ્થાનાં ટ્રસ્ટ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ.
3. સંસ્થાનાં ટ્રસ્ટ ડીડની નકલ
4. અનુભવનાં પ્રમાણપત્રો
5. સંસ્થા દ્વારા હાલ કરવામાં આવતી/કરેલ કામગીરીની વિગતો
6. સંસ્થાની પ્રસિધ્ધિની વિગતો (જો હોય તો)
7. અન્ય સંલગ્ન દસ્તાવેજની નકલ

સંસ્થાનાં પ્રમુખ/સંચાલકશ્રીની સહી/સીક્કો: ......................................................

## ગૌશાળા તરીકે સંચાલન માટે રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની જગ્યાઓની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | સરનામુ | ઢોર રાખવાની અંદાજીત ક્ષમતા |
|---|---|---|---|
| ૧ | રોણકી એનિમલ હોસ્ટેલ (આંશિક) ખાતેની ગૌશાળા | આઇ.ઓ.સી. ગોડાઉન પાસે , રેલનગર રોડ, મનહરપુર ગામની બાજુમા, રાજકોટ | ૭૫૦ |
| ૨ | કન્ઝરવંશી ઢોર ડબ્બો | સેન્ટ્રલ વર્કશોપ કેમ્પસ, ૮૦ ફુટ ચોકડી પાસે, ભાવનગર રોડ, રાજકોટ | ૨૦૦૦ |

સંસ્થાનાં પ્રમુખ/સંચાલકશ્રીની સહી/સીક્કો: ..................................................

નાયબ કમિશ્નર
રાજકોટ મહાનગરપાલિકા

**<u>ગૌશાળા તરીકે સંચાલન માટે રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની જગ્યાઓનાં સંચાલન માટે</u>**

**<u>ગ્રાન્ટની માંગણીનું પત્રક</u>**

| ક્રમ | જગ્યાનું નામ | પશુઓની વિગત | ગ્રાન્ટની રકમ રૂ. (પ્રતિ પશુ પ્રતિ દિવસ) |
|---|---|---|---|
| ૧ | રોણકી એનિમલ હોસ્ટેલ (આંશિક) ખાતેની ગૌશાળા | મોટા પશુના નિભાવ માટેની ગ્રાન્ટ (પ્રતિ દિવસ) | |
| | | નાના પશુના નિભાવ માટેની ગ્રાન્ટ (પ્રતિ દિવસ) | |
| ૨ | કન્ઝરવંશી ઢોર ડબ્બો | મોટા પશુના નિભાવ માટેની ગ્રાન્ટ (પ્રતિ દિવસ) | |
| | | નાના પશુના નિભાવ માટેની ગ્રાન્ટ (પ્રતિ દિવસ) | |

સંસ્થાનાં પ્રમુખ/સંચાલકશ્રીની સહી/સીક્કો: .......................................................

નાયબ કમિશ્નર
રાજકોટ મહાનગરપાલિકા